| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 31/12/23 |
| PAGE : | 1 |

એજ્યુકેશન અને રિસર્ચ પ્રોજેક્ટ્સ માટે સૌથી વધુ MoU

# ગુજરાતની પ્રીમિયમ ઇન્સ્ટિટ્યૂટે 2023માં 100થી વધુ MoU કર્યાં

યશ પટવર્ધન, ગાંધીનગર: 2023માં અનેક શૈક્ષણિક સંસ્થાઓએ નેશનલ, ઈન્ટરનેશનલ સંસ્થાઓ સાથે MOU કર્યાં છે. ત્યારે, સિટી ભાસ્કરે MoU માટેની એક યાદી તૈયાર કરી છે. જેમાં RRU, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, DA-IICT, NIFT અને EDII એ આ વર્ષે MoU કર્યાં છે.

## નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)

**કેટલા એમઓયુ થયાં : 28**

NFSUમાં નવેમ્બર સુધીમાં 28 MoU થયા છે. રાજ્ય સરકાર અને વિશ્વના વિવિધ દેશો સાથે મળીન ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રના નિર્માણ અને વિકાસ માટે NFSU સહયોગ કરી રહ્યું છે. એકેડેમી અને રિસર્ચ પ્રોજેક્ટ માટે MoU કરાયાં છે.

## ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IITGN)

**કેટલા એમઓયુ થયાં : 21**

IITGNએ 2023માં અનેક નેશનલ, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ સાથે એકેડેમિક્સ, રિસર્ચ માટે MoU કર્યાં છે. ઈન્ડસ્ટ્રી એજ્યુકેશનના એક્સિલન્સને આગળ વધારવા, રિસર્ચ કોલેબ્રેશનને પ્રોત્સાહન આપવા પણ MoU કર્યાં છે.

## ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (GNLU)

**કેટલા એમઓયુ થયાં : 07**

GNLU એ UNની ઈન્ટરનેશનલ સી બેડ(સમુદ્ર તળ) ઓથોરિટી, તુર્કિયેની અંકારા યુનિવર્સિટી,મેડિપોલ યુનિવર્સિટી, ડિફેન્સ સ્પેસ એજન્સી કે, જેમાં ઈન્ડિયન એર ફોર્સ, નેવી,આર્મીનો સમાવેશ થાય છે, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ સાથે MoU કર્યા છે.

## આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિ. ઓફ ઇન્ડિયા (EDII)

**કેટલા એમઓયુ થયાં : 31**

EDII એ કેન્દ્ર અને વિવિધ રાજ્યોની સરકાર સાથે યુવા, મહિલાઓ અને સમાજમાં આંત્રપ્રિન્યોરશિપ પ્રત્યે અવેરનેસ વધે માટે એમઓયુ કર્યા. ઉપરાંત એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટ, કોર્પોરેટ્સ, સાથે MoU કર્યા છે.

## ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (DA-IICT)

**કેટલા એમઓયુ થયાં : 30**

DA-IICT એ SAC/ISRO, ઈન્ડિયન નેવી, TCS, ICICI બેંક વગેરે સંસ્થાઓ સાથે MoU કર્યા છે. જેનો ઉદ્દેશ એકેડમી અને રિસર્ચ, વર્કશોપ, સેમિનાર વગેરેને પ્રોત્સાહિત કરવાનો તથા ટ્રેનિંગ સેશન, સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ કરવાનો છે.

## નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT)

**કેટલા એમઓયુ થયાં :02**

NIFTએ EDII અને ATIRA સાથે એમઓયુ કર્યા છે. જેનો ઉદ્દેશ સ્ટુડન્ટ્સ ઈન્ટર્નશીપ, ફેકલ્ટી એક્સ્ચેંજ પ્રોગ્રામ, યુઝ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જોઈન્ટ સ્ટુડન્ટ્સ ફિલ્ડ અને એજયુકેશનલ ટ્રીપ, ટ્રેનિંગ પ્રોગ્રામ, રિસર્ચ, સ્પેશિયલ પ્રોજેક્ટ વગેરેનો છે.